# ટપક

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર**

**વર્ષ : ૨ અંક : ૧૧ નવેમ્બર,૨૦૦૦**

**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
મમતા ગૌસ્વામી
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા

## સ્ત્રી

જન્મથી 'લક્ષ્મી' આવી નાં શબ્દોથી તેને વધાવવામાં આવે છે.અને તેના જીવનનાં પાયાથી તુ સ્ત્રી છે નાં શબ્દ ની દિવાલો આસ–પાસ ચણાવા લાગે છે.તેની સાથે તેને ઘરેણાં ની જંજીરમાં બાંધી દેવામાં આવે છે.જેની આભા માં તે હમેંશા પોતાનું જીવન ચિત્ર સ્પષ્ટ જોઈ શકતી નથી.સૌથી પહેલા નાકમાં ચૂક પહેરાવવામાં આવે છે જે પ્રતિતિ કરાવે છે કે તું ઘરનું નાક છે તારે તારી મરજીથી કંઈ કરવાનું નથી ઘરની આબરૂ તારા હાથમાં છે.જો તુ પુરુષ સમાન કાર્યો કે મન માની કરીશ તો અમારૂ નાક કપાઈ જાશે માટે એના નાક માં ચૂક પહેરાવી સતત આ પ્રકાર ની જંજીર તેને ખેંચી રાખે છે.કાનમાં બુટ્ટીનો ભાર મૂકી દેવામાં આવ્યો છે કે તારે કોઈનું સાંભળવાનું નથી,એટલે તારે આ દિવાલની બહારની દુનિયા નું કંઈ સાંભળવાનું નથી.ફકત કાન ખુલ્લા રાખવાનાં છે. ગળામાં હાર પહેરાવવામાં આવે છે કે તારે અવાજ કરવાનો નથી.પતિ ,પિતા,ભાઈ કે અન્ય પુરૂષ સામે મૂંગા રહેવાનું તારે સમાજ સામે અવાજ ઉઠાવવાનો નહિ,એઅવાજસમાજમાં સંભળાવો જોઈએનહિ. હાથની ચૂડી, કંગન પહેરાવવામાં આવે છે કે તારેહાથ ઉઠાવવાનો નથી,કોઈ પણ પ્રકારનો સામનો કરવાનો નથી તારા હાથો બંધાયેલા છે.પગનાં જાંજર સતત તારા પગમાં બેડી પહેરાવેલી છે તારા માથે ઘરની તમામ મર્યાદાઓ બંધાયેલી છે તારે આ ઉંબરો ઓળંગી બહાર જવાનું નથી.આમ સ્ત્રી માટે તેના ઘરેણા બંધનોની સાંકળ છે.સ્ત્રીને જન્મની સાથેજ માનમર્યાદા જેવા શબ્દો સાથે સાંકળ દેતા જેમાં તેની આસ–પાસ દિવાલો બનાવી દેવામાં આવી પહેલેથી જ આ દિવાલો વચ્ચે સ્ત્રીનું જીવન ઘુંટાયા કરતું.હિંસા શબ્દની ઓળખ તેને ન હતી.તે હંમેશા પોતાનું જીવન એક'સ્વીચ' પધ્ધતિ સમાન હતું. સ્ત્રી પરાયા ધન' શબ્દ એની સાથે રહેતો ત્યારે તેને ખબર ન હતી કે જીવન એ શું છે ? અને તે કેવી રીતે જીવાય છે.સવારથી કામમાં જોતરાઈ જતી અને સાંજે ખબર પણ ન રહે કે તે કયાં છે.આમ સ્ત્રી પર હિસાઓ તો પહેલા પણ થતી અને અત્યારે પણ થાય છે.જેમાં પુરૂષપ્રધાન સમાજ સમાયેલો છે.અને ધીમે ધીમે આગળ જતા આ તમામ પાસાઓની ઓળખ થતાં હિંસા અન્યાય , અત્યાચાર જેવા શબ્દ આપવામાં આવ્યા.સ્ત્રી માટે તો તેની શરીર રચના પણ હિંસાના સ્વરૂપમાં ભગવાને આપી છે.જેની માનસિકતા સમાજે પહેલેથી જ બાંધી છે.સ્ત્રીમાં નાનપણ થી જ આ ભેદભાવ જોવા મળે છે.

હિંસાની ઓળખ લગભગ સ્ત્રીને હોતી નથી તે આ શબ્દથી પણ અજાણી છે.સમાજ પરિવર્તનશીલ રહેલ છે,તેવી જ રીતે હિંસા પણ પરિવર્તનશીલ અને પ્રગતિમય બનતી જાય છે.સમાજીક હિંસા,માનસિક હિંસા,આર્થિકહિંસા,કાયદાકીય હિંસા,શારિરીક હિંસા આ રીતે હિંસાના અલગ–અલગ પ્રકારો છે.જેમાં સ્ત્રીઓ સાથે વધારે સંકળાયેલા છે.સ્ત્રીઓને હિંસાનો સામનો કરવાની સતાઓ હજુ સુધી નથી આપી.આજે પરિસ્થિતિમાં થોડો ફેરફાર છે.ધીમે...ધીમે આ પ્રક્રિયામાં થી દૂર થવાના પ્રયત્નો પણ થઈ રહયા છે,પરંતુ શું વાસ્તવિક રીતે આ પ્રયત્નો થાય છે? નહિ ! ગમે તેટલા ખુલ્લા વિચારો વાળુ કુટુંબ હોય પરંતુ સોનોગ્રાફી દરમ્યાન ખ્યાલ આવે કે છોકરી છે તો વિચારો પણ અલગ જ થઈ જાય છે,તો ઘણીવાર ગર્ભમાં જ તેને મૃત્યુ સુધી પહોંચાડી દેવામાં આવે છે.ત્યારે સ્ત્રી વિકાસનાં કાર્યની વાત કયાં રહી? જો સમાજમાં બધા લોકો પુત્ર જન્મની અપેક્ષા રાખશે તો ભવિષ્યમાં સ્ત્રીઓની સંખ્યા સાવ ઓછી હશે.આજે ૧૦૦ પુરૂષે ૯૬ સ્ત્રી છે તો આગળ જતા એવા દિવસો આવશે કે જે થોડી ઘણી સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે તેને ફરી ચાર દિવાલ માં પુરાઈ રેવાનો વારો આવશે કારણ કે ફકત પુરૂષો વચ્ચે સ્ત્રીઓ ઘણી ઓછી હશે,લગ્ન સમયે જોવાતી ઉંમરનો બાધ છે તે નહિ રહે.બળાત્કાર અને અપહરણો નાં કિસ્સાઓ વધી જશે આખરે પુરૂષોને સ્ત્રીની જરૂર તો છે જો બધી સ્ત્રી પુત્ર જન્મ આપશે તો તેના માટે ભવિષ્યમાં સ્ત્રી કયાં ગોતવી તે પ્રશ્ન સારા સમાજ માટે ભયંકર બનશે.આ જે વાત છે તે ભવિષ્યમાં સ્ત્રી પર થનારી હિંસાની છે. શું આમ સ્ત્રી હિંસાની જાળમાં ફસાયેલી જ રહેશે? તેની આસ–પાસની હિંસા કયારે દૂર થશે.અને તેના માટે શું કરવું જોઈએ.આજે આખો સમાજ તેના માટે જવાબદારછે.માત્ર એકલી સ્ત્રી કે એકલા પુરૂષને જવાબદાર ગણી શકાય નહિ.આ માટે આપણે સૌ સાથે મળીને સમસ્યાને હળવી બનાવવા પ્રયત્ન કરીએ.

**–મમતા**

**પાણી પાણી શું કરો છો ? એજ આપણો પ્રશ્ન છે,વોટરશેડમાં જોડાઈ જાઓ એજ એનો વિકલ્પ છે**

**વિકાસ સમર્થન કેન્દ્ર**

વોટરશેડ કાર્યક્રમનાં સફળ અમલીકરણ માટે વોટરશેડનાં ગ્રામ્ય સ્તરનાં કાર્યકર્તા જેવા કે મંત્રી,સ્વયંસેવક,પ્રમુખ વગેરેને તાલીમ આપવી ખૂબ જ અગત્યની છે.આ તાલીમની મદદથી આ કાર્યક્રમની અસરકારકતા અને ટકાઉપણું વધારી શકાય છે.આ કાર્યના ભાગ રૂપે ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટરઅમદાવાદ દ્વારા વોટરશેડ મંત્રીઓ માટે તા.૨૨ થી ૨૪ નવેમ્બર '૨૦૦૦ દરમ્યાન અમદાવાદ ખાતે રાખેલ હતી.

ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટરઅમદાવાદ દ્વારા તા. ૨૯ નવેમ્બર ' ૨૦૦૦ વોટરશેડ અંગેની કાર્યશિબિર યોજાઈ છે.જેમાં વોટરશેડ અમલીકરણમાં ઉપસ્થિત થતા વિવિધ મુદ્દા ઓ અંગે અમલી સંસ્થાઓ અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી સાથે પરામર્શ કરવામાં આવશે.

**સજ્જતા સંઘ**

સજ્જતા સંઘ દ્વારા તા.૨૮ નવેમ્બર ' ૨૦૦૦ નાં રોજ કૃષિ યુનિવર્સિટી આણંદ ખાતે વોટાશેડ પ્લસ,કૃષિ ઉત્પાદક ઉપર પરામર્શ ગોઠવવામાં આવેલ.

**આગાખાન ફાઉન્ડેશન**

''શાળાકિય શિક્ષણમાં સુધાર'' વિષય પર ડિસેમ્બર–૨૦૦૦ માં એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન આગા ખાન ફાઉન્ડેશન દ્વારા થઈ રહયું છે.

**વાણી**

' વાણી ' દ્વારા સ્વૈચ્છિક કાર્ય પર મુકત ચર્ચા માટે રાષ્ટ્રીય અધિવેશન તા.૧૭–૧૮ દરમ્યાન પુના મુકામે યોજાયેલ છે.

**ઉન્નતિ વિકાસ શિક્ષણ સંસ્થા**

ઉન્નતિ+દ્વારા ૧૦ મી નવેમ્બર નાં રોજ ગામ પંચાયચાયતો ની ચૂંટણીમાં મતદાર જાગૃતિ અંગે કાર્યશાળા અમદાવાદ ખાતે યોજાઈ ગયેલ.

પ્રશિક્ષકો માટે પ્રશિક્ષણની તાલીમનો બીજો તબકકો તા.૪–૯ ડિસેમ્બર નાં રોજ દ્વારકા મુકામે રાખેલ છે.જેમાં સંસ્થાનાં બે પ્રતિનિધિભાગ લઈ રહયા છે.

**જનસ્વાથ્ય સભા**

જનસ્વાથ્ય સભા દ્વારા ગુજરાત રાજયનુ સંમેલન તા.૧૧–૧૨ નવેમ્બર નાં રોજ પ્રજાપતિભવન,વડોદરા ખાતે યોજાઈ ગયેલ.

જનસ્વાથ્ય સભા દ્વારા કલકતામાં તા. ૩૦નવે. થી ૩ ડીસે દરમ્યાન સ્વાસ્થ્ય ઝુંબેશ માટે એક સંમેલન યોજાઈ રહયુ છે.સંસ્થાનાં બે પ્રતિનિધિ આ કાર્યક્રમમાં હાજર રહેશે.

**રાજય ગ્રામ વિકાસ સંસ્થા**

વોટરશેડ યોજનાના લાભાર્થીઓ માટે તાલીમકરતા જે તે વિસ્તારમાં કાર્યરત સંસ્થાઓની વોટરશેડ વિકાસ ટીમનાં સભ્યો માટેની તાલીમ તા. ૧૪ થી ૧૮ નવેમ્બર' ૨૦૦૦ દરમ્યાન યોજાઈ. જેમાં તાલીમ કંઈ રીતે આપવી ,કયાં મુદ્દાઓ ધ્યાનમાં લેવા,તેમજ પ્રવચન અને જૂથ ચર્ચા કેમ ચલાવવી વિ. બાબતો શિખવવામાં આવી આ તાલીમમાં સંસ્થાના શ્રી વજૂભાઈ ગોવિંદિયા ઉપસ્થિત રહયા હતા.

**સ્ત્રી અને હિંસા**

સ્વાતિ સંસ્થા ધાંગધ્રા દ્વારા તા.૬–૧૧ દરમ્યાન શ્રેયસ ફાઉન્ડેશન ખાતે સ્ત્રી અને હિંસા નાં બીજા તબકકાની કોર્ટ અને પોલીસતંત્ર ના માળખાની વિગતો પર યોજેલ તાલીમમાં સંસ્થાના બહેનો મમતા તથા નિહારિકાએ ભાગ લીધો.

સ્ત્રી અને હિંસા પરના ભાગીદાર સંસ્થાઓ સાથે ચાલતા 'સ્વાતિ'ના આ કાર્યક્રમ ની સંકલન સમિતિ તા.૨૩ ના રોજ 'આનંદી' રાજકોટ ખાતે મળી જેમાં અત્યાર સુધાના કાર્યની સમીક્ષા કરવામાં આવી તેમજ આગામી કાર્ય માટે આયોજન કરવામાં આવ્યું.

**યુવાચેતના સંમેલન**

જનપથ દ્વારા યુવાનની વાત કરવા માટે સ્વૈચ્છિક સંસ્થા ઓ સાથે રહીને યુવાચેતના સંમેલન તા.૩ ડિસેમ્બરના રોજ સમર્પણ વિદ્યાપીઠ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે.

**ઔદ્યોગીક સાહસીકતા ની કાર્યશાળા**

બચત–

ધિરાણ મંડળમાં શરૂઆતનાં તબકકા પછી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આર્થિક પ્રવૃતિને પ્રોત્સાહન આપવા માટે જૂથનાં સંચાલકો માટે આ કાર્યશાળા ૨૦ થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન 'આનંદી' રાજકોટ દ્વારા યોજવામાં આવી છે.

**વિશ્વ એઈડઝ દિન**

૧ લી ડિસેમ્બરનાં રોજ વિશ્વ એઈડઝ દિન ઉજવાઈ રહયો છે.જુદી જુદી સંસ્થાઓ દ્વારા એઈડઝ દિન ની ઉજવણી થઈ રહી છે ત્યારે અમરેલી જીલ્લાનાં ખાંભા તાલુકામાં સ્વૈચ્છિક કાર્ય સંભાળી રહેલા કાર્યકરો માટે આ ભંયકર રોગની જાણકારી તથા તેને અટકાવવાનાં ઉપાયો યોજવા માટે શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર એ પોતાના ખાંભા કાર્યાલય ખાતે એક કાર્યશાળા આ દિવસે યોજી છે.

**વિકલાંગ સહાય**

શ્રી સર્વોદય મહિલા મંડળ દ્વારા ઓખા મંડળ ની આસ–પાસનાં વિસ્તારનાં વિકલાંગ ભાઈ–બહેનોને ટ્રાઈસીકલ,ઘોડી,કેલીપર્સ વગેરે સાધનોનું વિતરણ કરવા કાર્યક્રમનું આયોજન તા.૧૯ નવેમ્બરનાં રોજ માનનીય ધારાસભ્ય શ્રી પબુભા માણેક ની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

**સ્વાસ્થ્ય શિબિર**

તા.૩૧ ઓકટોબર નાં રોજ આશરા સંસ્થા દ્વારા ૫૮ બહેનો અને ૨૫ પુરૂષો સાથે શિબિર યોજી હતી

વિજ્ઞાન ગામ તરફ

**સંસ્થા સમાચાર**

**જન સમૂહની સહભાગીતા પર તાલીમ**

સંસ્થા દ્વારા વોટરશેડ પ્રોજેકટ વિસ્તારનાં નવા છ ગામોનાં મંત્રી,જૂથલીડર,સમિતિનાં સભ્યો તથા અન્ય આગેવાન માટેતા.૧૧–૧૩ નવેમ્બર'૨૦૦૦ દરમ્યાનપારસ હોટલ અમરેલી ખાતે જન સમૂહની સહભાગીતા પર તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો.જેમાં સહભાગીતા તાલીમ પધ્ધતિઓ મુજબ સહભાગીતાની વ્યાખ્યા,સહભાગીતા નકકી કરવી,સહભાગીતાનાં સિધ્ધાંતો,સહભાગીતા વિકસાવવાનાં મુદા,વિકાસમાં સહભાગીતાનું અમલીકરણ,સહભાગીતા વધારવાની વિવિધ પધ્ધતિઓ વિ.શીખવવામાં આવેલ.

**સીબીસીએસ**

કોમ્યુનીટી બેઈઝ કન્વર્ઝન સર્વીસ યોજના હેઠળ શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર દ્વારા તા.૮–૧૧–૨૦૦૦ ના રોજ ખડાધાર મુકામે મહિલા સંમેલન યોજવામાં આવ્યું.જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બી.ડી અસારી ,નાયબ નિયામકશ્રી(વોટરશેડ) શ્રી બી.જી.પ્રજાપતિ,વિસ્તરણ અધિકારીઓ શ્રીમતિ સવિતાબેન બાવળીયા,શ્રી ડી.બી ગોહિલ,વિ.એ આ સંમેલનમાં બહેનોનેપોતાની આવક વધારવાનાં ઉપયો પર માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.આ પ્રસંગે શ્રી રાજુભાઈ બાવળીયાએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.ખડાધાર બજરંગ ગ્રૃપના સંજયભાઈ સહિતની યુવાનોની ટીમે આ સંમેલનમાં વ્યવસ્થા માટે ખૂબજ સહકાર આપ્યો હતો.

**બંસીધર મહિલા બચત મંડળ**

**" જળ સંચય દ્વારા હરિયાળી ખેતી"** આધારિત મંડળના બહેનોની ચર્ચા

આ વર્ષે ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ૫૦ થી ૬૦ ટકા જેટલું જ રહયું છે,વરસાદ પણ બધી જગ્યાએ એકસરખો થયો નથી.કેટલીક જગ્યાએ સંપૂર્ણ દુષ્કાળ જેવી પરિસ્થિતિ પણ સર્જાય છે.જયાં વરસાદ પડયો છે ત્યાં પણ વ્યવસ્થિત વહેંચાયેલો નથી,જેથી ખેતી ને બહુ ફાયદા કારક થયો નથી.ગુજરાતની નાની સિંચાઈઓમાંના મોટા ભાગનાં ડેમ ખાલી છે.શહેરો અને ગામડાઓને પીવાનાં પાણી પણ કટોકટી સર્જાઈ છે.ફકત ખેતી પર અને ખેતીમજુરી પર નભતા પરિવારોની શું સ્થિતિ થશે તે કલ્પી શકાય તેવું નથી. આજે ફકત સરકાર અને તેમની યોજનાઓ પર નજર નાંખીને બેસી રહેવું તે એક પ્રકારની કાયરતા કહેવાય સખત મહેનત અને પુરુષાર્થ વડે ઓછા પાણીથી પણ બૃધ્ધિપૂર્વકનું આયોજન કરવામાં આવે તો ચમત્કારિક પરિણામો લાવી શકાય છે.આ ઈઝરાયલે કરી બતાવ્યું છે .આવું જ એક ઉતમ ઉદાહરણ ગયા વર્ષે ગુજરાતના એક નાનકડા એવા ગામ ખોપાળાએ કરી બતાવ્યું છે. નાના નાના ચેક ડેમો બનાવીને જમીન પર પડતા દરેક ટીપાને સંગ્રહીને આ ગામે પાણીનો પ્રશ્ન ઉકેલ્યો છે.આ કામ ગુજરાતના દરેક ગામના ખેડૂતભાઈઓ સંપથી,પુરુષાર્થ કરે તો તેઓ પણ કરી શકે તેમ છે.આપણે સંપ અને સામુહિક ભાવનાનાં અભાવે જાણી જોઈને દુઃખી થતા રહયા છીએ.પુરુષાર્થ,ત્યાગ,તપ વગેરે ભારતીય સંસ્કૃતિના ઉતમ ગુણોને ભૂલી ગયા છીએ ૨૦૦ વર્ષની રાજકીય ગુલામીએ આપણને માનસિક રીતે ગુલામ બનાવ્યા છે.

કહેવત છે કે " આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ " આપણો પોતાનો ઉધ્ધાર આપણે જાતે જ કરવાનો છે.એ વિચાર કરીને પુરુષાર્થી નહિ બનીએ ત્યાં સુધી સરકારી યોજનાઓ આપણને કંઈ ફાયદો કરવાની નથી.લાચારબનીને બેસી રહેવાને બદલે જેટલુ પાણી મળે છે તેનો કરકસરભર્યો ઉપયોગ કરતાં શીખીએ.જળસંચયના વિવિધ ઉપાયો કરીએ,કૂવા રિચાર્જ,ચેકડેમ વગેરે બનાવીએ અને પિયતમાં વેડફાતું પાણી કરકસરથી વાપરીને દરેક ટીપાનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરીએ તે જ આપણા સૌના માટે અબોધ ઉપાય છે.

જેની પાસે પાણીનો પુરવઠો ઉપલબ્ધ હોય તે બીજાને પોતીકો ગણી પાણી પુરુ પાડે તે તાતી જરૂરિયાત છે.આપણે પાણીનું આયોજન પૂર્વક જતન કરીએ સ્વઉધ્ધારના પુરુષાર્થમાં લાગી જઈએ તો જીવન સુખમય બનશે એમાં શંકા નથી.

સંકલન :– દયા સેંજલીયા –રબારીકા

**કુટુંબ સલાહ કેન્દ્ર**

કુટુંબ સલાહ કેન્દ્ર નાં નિયમો મુજબ કેન્દ્રમાં રજૂ થતાં કેસોનાં નિકાલ માટે કાઉન્સેલર દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ રજૂ થયેલ કેસોમાં આવતી અટપટી બાબતોમાં મનોવૈજ્ઞાનિક,સામાજીક કે કાયદાકીય માર્ગદર્શનની જરૂર રહે છે.આ માર્ગદર્શન માટે સંસ્થાએ વિષય નિષ્ણાંતોની એક કમિટિ ની રચના કરી છે.જેની મિટિંગ ૩૦ નવેમ્બર નાં રોજ કુટુંબ સલાહ કેન્દ્ર નાં કાર્યાલયે બપોરના ૪ કલાકે રાખેલ છે.

**સરદાર આવાસ**

સંસ્થા દ્વારા ધારી તાલુકાનાં ગામોમાં ગરીબી રેખા હેઠળ જીવત લોકોને આવાસ બાંધવાની કામગીરી શરૂ કરેલ છે.

**સ્નેહીશ્રી દયાબેન**

**ટપક પત્રિકામાં આપના દ્વારા લખાયેલ "સ્ત્રી પરથતાં અન્યાય.." વિશે લેખ વાંચ્યો.વાંચીને ખૂબ ગમ્યુ,સરસ લખ્યું છે.અભિનંદન અને આવું જ લખતા રહેશો.**

**સસ્નેહ**

**જાહ્નવી– 'આનંદી' ભાવનગર**

## જળ એજ જીવન

આપણા ગુજરાત રાજયમાં દુષ્કાળ એક સમસ્યા છે.ઘણી વખત અછતની પરિસ્થિતિ સર્જાય છે.નદી,નાળા,તળાવ, કૂવા,વાવ બધુંજ સુકાય જાય.દર વર્ષે ૧૦ ફૂટ પાણી ઊંડા જાય છે.ત્યારે કલ્પના કરો કે પાણી વિના ચાલે ખરુ?

જળ એતો જીવન છે.આપણે સૂત્રો વાંચીએ છીએ કે 'પાણીને બચાવો પાણી આપણને બચાવશે 'ખૂબ તરસ લાગી હોય અને પાણી ન મળે તો ?

આપણા દેશ માં દર વર્ષે ભયંકર જળ સંકટ ઉભું થાય છે. પાણીની કિમંત કેટલી છે ? તે કેટલુ અમૂલ્ય છે તે મહત્વ સમજાય એવો એક પ્રસંગ આપણે જોઈએ.


એક વખત એક રાજા શિકાર કરવા જંગલમાં ગયા રાજાને ખૂબ તરસ લાગી હતી.ત્યા એક મહાત્મા મળ્યા.મહાત્મા ગંભીરતા થી બોલ્યા ' ધારો કે જંગલમાં તમને તરસ લાગી અને કયાંય પાણી ન મળે એવામાં એક માણસ મળે જેની પાસે પાણી છે.પરંતુ તે આપવા તૈયાર નથી.તેની સાથે સોદો કરવા તું શું આપીશ?'

'સોના મહોરો આપીશ ' રાજા બોલ્યો પ ણ ધારો કે એ છતાં પણ ન આપે તો ?' મહાત્માએ પુછયું.

' અર્ધુ રાજ આપીને પણ પાણી તો મેળવવું જ પડે ને?'રાજાએ કહયું

મિત્રો ! આ પ્રસંગ પરથી આપણે સમજી શકીએ કે પાણી ન મળેતો રાજા આખું રાજય આપી દેવા તૈયાર થાય એટલુ અમૂલ્ય છે પાણી. મુશ્કેલી એ છે કે,જયાં સહેલાઈથી વિના મૂલ્યે પાણી મળતુ રહે છે. ત્યાં સુધી તેની કિમંત આપણે સમજી શકતા નથી.માટે પાણીનો કરકસરથી ઉપયોગ કરીએ.

હસમુખ બોરાણીયા–જલારામનગર–અમરેલી




Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

**Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521**
**Date Of Issue1st of month**

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨) ૨૩૫૨૫, ૨૫૧૫૭, ૨૫૧૯૮
E-mail hard@ad1.vsnl.net.in

**વૃક્ષો વરસાદ લાવે છે**